અનુપમ
મિશન
બાળકો માટેનું
અનુપમ મિશન દ્વારા
દર બે મહિને પ્રકાશિત થતું
સંસ્કારલક્ષી સામયિક

# અનુપમ તારલા

માર્ચ-૨૦૨૦ * વર્ષ : ૧ * અંક : ૨ * અનુપમ તારલા

## તંત્રીની કલમે

વ્હાલાં બાલમિત્રો,

સૌને જય શ્રી સ્વામિનારાયણ !

આપ સૌને '**અનુપમ તારલા**'નો પ્રથમ અંક ગમ્યો જ હશે ! આવા જ સરસ મજાના અંકો સાથે આપણે સૌ દર બે મહિને મળતાં રહીશું. '**અનુપમ તારલા**'નું મુક્તાર્પણ તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં યોજાયેલ '**મૂર્તિ પ્રતિષ્ઠા મંદિર મહોત્સવ ૨૦૨૦**' દરમિયાન વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ દ્વારકેશલાલજી મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યું.

બાળકો માટે સરસ મજાનું મૅગેઝિન પ્રસિદ્ધ કરવાની સંતભગવંત પરમ પૂજ્ય સાહેબદાદાની અંતરની ઇચ્છા અને તેઓના આશીર્વાદથી જ '**અનુપમ તારલા**'એ આ રૂપ ધારણ કર્યું છે.





તમને સૌને ખબર જ હશે કે, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં નૂતન શિખરસંપન્ન મંદિર આકાર પામ્યું છે, જેમાં મુક્તાક્ષર પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા છે. તેઓની સાથે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તથા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સુવર્ણ મંડિત મૂર્તિઓ પધરાવવામાં આવી છે. ભોંયતળિયે શ્રી મુક્તાક્ષર પુરુષોત્તમ મહારાજ સાથે તેઓનાં દિવ્યસ્વરૂપો બિરાજ્યાં છે.

બ્રહ્મજ્યોતિના પ્રાસાદિક આમ્રવૃક્ષની પાસે અભિષેક મંડપ અને બાજુમાં ધારી અને છપૈયાના ગામની આબેહૂબ પ્રતિકૃતિ બનાવવામાં આવી છે. નજીકમાં બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ અને અનાદિ મહામુક્ત સોનાબાની સમાધિઓ નવનિર્માણ પામી છે. આપ સૌ આ સઘળું નિહાળવા બ્રહ્મજ્યોતિ જરૂર પધારજો.

'**અનુપમ તારલા**'માં આવતા પ્રસંગો, ક્વિઝ, ટુચકાઓ અને વિવિધ પ્રવૃત્તિઓ વાંચજો અને ભાગ લેજો. અમને ખાતરી છે કે, તમને બધું જરૂર ગમશે.

આ અંકમાં આપની રુચિને ધ્યાનમાં રાખીને આપેલ દરેક વિભાગોમાં જરૂર ભાગ લેશો.

ચાલો ત્યારે, આ અંક વાંચવાનું શરૂ કરીએ... -તંત્રીશ્રી



# બાળસભા એટલે અનુપમ ઉડાન





- ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૦ એટલે ભારતનો ૭૧મો પ્રજાસત્તાક દિન. યોગી વિદ્યાપીઠ, મોગરી ખાતે અનુપમ મિશનના પણેતા સંતભગવંત સાહેબજી તથા સન્માનનીય અતિથિશ્રી ડૉ. કુશલભાઈ પૂજારા તથા કુલગુરુ સદ્‌ગુરુ સંત પૂજ્ય ડૉ. રતિકાકાના સાનિધ્યમાં ઉજવાયો.
- અનુપમ મિશન પ્રેરિત ધારી સ્થિત શ્રીમતી વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે પૂર્વ લેફ્ટનન્ટ જનરલ શ્રી વાલિયાસાહેબ, સદ્‌ગુરુ સંત પૂજ્ય અરૂણભાઈ, ડૉ. જસાણી સાહેબ તથા પૂજ્ય રાજુભાઈ દવેની હાજરીમાં ૭૧મો પ્રજાસત્તાકદિન ઉજવવામાં આવ્યો.
- અનુપમ મિશન પ્રેરિત શારદામંદિર, નડીઆદ ખાતે ૭૧મો પ્રજાસત્તાકદિન શ્રી બિપીનભાઈ પટેલ (નોટરી પબ્લિક-એડવોકેટ)ની ઉપસ્થિતિમાં ઉજવાયો.
- ભારતનો ૭૧મો પ્રજાસત્તાક દિન અનુપમ સત્સંગ મંડળ, ઉપાસના ધામ, અમદાવાદ ખાતે પૂ. અશ્વિનદાદાના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયો. અમદાવાદ મંડળના સૌ વડીલો, બહેનો, યુવાનો આ ભવ્ય ઉજવણીના સાક્ષી રહ્યાં.


**ઉપાસના ધામ, અમદાવાદ ખાતે અનુપમ તારલાઓએ આ અવસરે રાષ્ટ્રીયતાને લગતી વેશભૂષા ધારણ કરી. જેમાં હાસ્વી, ક્રિશ્ના, મોક્ષા, પરમ, જૈનિલ, હેતુલ જોષી, લોમસ, સ્વરા, શ્રીલા, વેદ તથા રુચા મુખ્ય હતાં.**



પ્રસંગે પૂજ્ય અશ્વિનદાદાએ ખૂબ આશીર્વાદ વરસાવી રાજીપો વ્યક્ત કર્યો. શહીદોનાં દર્શન કરી તેઓને શાળાના દિવસોની સ્મૃતિ વાગોળતા કહ્યું, ‘આવા કાર્યક્રમના આયોજનથી બાળકોમાં આત્મવિશ્વાસ અને મૂલ્યો પ્રસ્થાપિત થાય છે.’

**આપના બાળમંડળમાં જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવી સાહેબદાદાને રાજી કરી લઈએ. અહેવાલ જરૂરથી મોકલશો.**

સંકલન : ડૉ. અંકિતાબેન જોષી




# અનુપમ તારલાની કલમે...



**સાહેબદાદાના વ્હાલાં બાળતારલાઓ,**

અમે આપને માટે લઈને આવ્યા છીએ સુંદર મજાની રમત. તે રમતના જવાબ માટે આપની સત્સંગસભામાં - શિબિરમાં “પાથેય” પુસ્તિકા આપવામાં આવે છે તેની મદદ જરૂરથી લેશો. આવી રમતોમાં જીત મેળવવા “પાથેય”નો નિયમિત અભ્યાસ કરજો હાં.....

સાહેબદાદાને તેવાં બાળકો ખૂબ જ પ્રિય. તો ચાલો, આ રમત દ્વારા સત્સંગનું જ્ઞાન ચકાસીએ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **25** કોઈ એક કીર્તન ગાઈ સંભળાવો. | **26** શાસ્ત્રીજી મહારાજનું બાળપણનું નામ શું હતું ? | **27** સાહેબદાદાએ ક્યાં ક્યાં મંદિરોનાં નિર્માણ કરાવ્યાં છે ? | **28** 4+9+1+3 = .................. જવાબના અંક ઉપર જાવ. | **29** સાહેબદાદા “આદર્શ બાળક” બનવા શું-શું કરવાનું કહે છે ? | **30** END |
| **24** 5 સ્ટેપ પાછળ જાવ. | **23** અશ્વિનદાદા અને શાંતિદાદાની જન્મતારીખ કઈ ? | **22** 3 પગલાં આગળ જાવ... | **21** 21 ÷ 3 x 4 = ............ જવાબના અંક ઉપર જાવ. | **20** ભારત દેશનું રાષ્ટ્રીય પ્રાણી કયું ? | **19** સાહેબદાદાનાં માતુશ્રી-પિતાશ્રીનું નામ કહો. |
| **13** ભારતનું રાષ્ટ્રગાન કયું ? | **14** સાહેબદાદા શિબિરમાં કયું સૂત્ર બોલાવે છે ? | **15** 4 પગલાં ઘટાડો. | **16** સાહેબદાદાના અષ્ટસખા કોણ કોણ? | **17** ફરીથી દાવ લેવો. | **18** ભગવાન સ્વામિનારાયણનું વનવિચરણ દરમિયાનનું નામ ? |
| **12** યોગીજી મહારાજના ગુરુનું નામ જણાવો. | **11** ગાંધીજીનું પ્રિય ભજન કયું ? | **10** (10 + 7) x 2 = .............. જવાબના અંક ઉપર જાવ. | **9** ગોપાળાનંદ સ્વામીનું પ્રાગટ્યસ્થાન જણાવો. | **8** 2 પગલાં આગળ જાવ. | **7** સાહેબદાદાની જન્મતિથિ કઈ ? |
| **1** START | **2** ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્યસ્થાન જણાવો. | **3** ગુણાતીતાનંદ સ્વામીનું પ્રાગટ્યસ્થાન જણાવો. | **4** 4 x 5 = .................. જવાબના અંક ઉપર જાવ. | **5** યોગીજી મહારાજનું બાળપણનું નામ જણાવો. | **6** ભારત દેશનું રાષ્ટ્રીય પક્ષી કયું છે ? |

-સંકલન : પૂ. સરજુ ટેલર



## મને ઓળખો

બે સગા ભાઈ, એકસરખું કામ કરે,
દિવસે રહે નોખા, રાતે ભેગા થાય.

*****

તેજની બનેલી છું, વર્ષા સંગે આવું છું,
મહાગર્જના કરું છું, બોલો હું કોણ છું ?

*****

ના પકડાય, ના તોલાય,
ના એની સામે બોલાય.
સરતો જાય સરતો જાય,
સહુને તાળી દેતો જાય.


*****

નાનામાંથી મોટો થાઉં,
મોટામાંથી નાનો થાઉં,
સૂરજનો વિસામો થાઉં,
છોકરાઓનો મામો થાઉં.




જવાબ : બારણાં – વીજળી – સમય – ચંદ્ર

## રૂડા મંદિરજી રચાવે...





બાળમિત્રો, મંદિરજીના આ અધૂરા દૃશ્યને પૂર્ણ કરવા અહીં દર્શાવેલા ભાગ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ માંથી કયો ભાગ પસંદ કરશો ?




જવાબ : ૩,૫

## પ્રાગટ્યદિન

નીચે આપેલ ઘડિયાળના સમય પ્રમાણે ખાલી જગ્યા પૂરી જે તહેવાર જેઓના પ્રાગટ્યદિને હોય તેઓના નામ સાથે જોડકાં જોડો.




| | |
|---|---|
| ___ ___ ___<br>6:00 2:00 4:30 | શાસ્ત્રીજી મહારાજ |
| ___ ___ ___ ___ ___<br>9:00 10:30 1:00 10:10 3:00 | સંતભગવંત સાહેબજી |
| ___ ___ ___ ___ ___ ___<br>10:10 11:00 9:30 12:15 8:20 3:00 | ગુણાતીતાનંદ સ્વામી |
| ___ ___ ___ ___ ___ ___<br>3:45 6:45 7:15 1:45 1:00 10:30 | સહજાનંદ સ્વામી |

બાળ વાર્તા

# રંગબેરંગી હાથી..





એક બાગમાં ઘણાં બાળકો રમવા આવતાં. ત્યાં એક હાથી પણ આવે.જેવો હાથી આવે કે બધાં બાળકો હાથી પાસે આવી જાય. મહાવત હાથી ઉપર પાલખી મૂકી બાળકોને એમાં બેસાડી દે.

હાથીભાઈ તો બાળકોને આખા બાગની સેર કરાવે. બાળકો આનંદથી ચિચિયારી પાડતાં ખુશ થઈને ઘરે જાય.

એકવાર બાગમાંથી પાછા ફરતાં એક મોટા સરોવર પાસે હાથીભાઈ પાણી પીવા રોકાઈ ગયા. પાણી પીતા પીતા એમનું ધ્યાન પાણીમાં પડેલા તેમના પ્રતિબિંબ પર ગયું. ત્યાં તેઓએ બીજા પ્રાણીઓનું પ્રતિબિંબ પણ જોયું. હાથીને નવાઈ લાગી. અરે ! મારો રંગ જરાય સારો નથી. મોરને સરસ મજાનો મોરપિચ્છ રંગ અને પોપટને પોપટિયો. વળી વાઘને પીળો ને કાળા ચટાપટા. ચિત્તાને કાળાં ટીલાં. કોઈને લાલ ચાંચ અને મને જુઓ. સાવ ભૂખરો. હાથીની આંખમાંથી દળક દળક આંસુ પડવાં માંડ્યાં.બધાં જ ભેગાં થઈને સાંત્વના આપવા માંડ્યાં પણ શાંત થાય તો એ હાથીભાઈ નહીં.

બધાંએ નક્કી કર્યું કે, આપણે દરેક થોડો થોડો રંગ એમને આપીએ.

પોપટે લીલો ને મોરે મોરપિચ્છ ને વાઘે પીળો ને કાળા ચટાપટાવાળો રંગ હાથીને આપ્યો.



હાથીભાઈ તો રંગબેરંગી ચિતરાઈ ગયા. ખુશ થતા થતા એ તો પાછા બાગમાં ગયા. બાળકો જેવાં આવ્યાં તેવાં જ હાથીભાઈથી દૂર ભાગ્યાં. આ શું? એક બાળકે કહ્યું, આ તો તમે કેવા લાગો છો ! અમને તો તમે ભૂખરા હતા તેવા જ ગમો. એમ કહી ને બાળકો જતાં રહ્યાં.



હાથીભાઈ મુંઝાઈ ગયા. "બાળકોને ગમે એટલે મેં પચરંગી રંગ બનાવ્યો." હવે ચાલો ફરી નાહવા. હાથીભાઈએ સરોવર પર જઈને સૂંઢ પાણીમાં બોળીને ફુવારા ઉડાડીને બધા રંગ પાણીથી ધોઈ નાખ્યા.

બાગમાં બાળકો હાથીભાઈને હતા તેવા જોઈ ખુશ થઈને ઉપર બેસી ગયા. સેર કરીને આનંદથી ઝૂમી ઊઠ્યા.

બાળમિત્રો ! હાથીભાઈનાં પ્રાણીમિત્રોનો સંપ કેવો હતો?

એમના દુઃખે બધાં દુઃખી.પોતાનાથી શક્ય મદદ કરી હાથીભાઈનું દુઃખ દૂર કર્યું. પણ અંતે હાથીભાઈએ વિચાર્યું કે, બીજાની સુંદરતા જોઈને ભગવાને આપણને જે આપ્યું છે તેનું મૂલ્ય ઓછું ના આંકવું જોઈએ. સમજ્યાં બાળકો ? શો બોધ લીધો ?



આપણો તહેવાર

# હોળી-ધુળેટી



ફાગણ માસમાં આવતા તહેવાર એટલે હોળી–ધુળેટી. આ તહેવારમાં રંગો સાથે રમવાનું કોને ના ગમે ? ફાગણ સુદ પૂનમ હોળી તરીકે ઉજવાય છે જ્યારે તેનો બીજો દિવસ ફાગણ વદ એકમ એ ધુળેટી તરીકે ઉજવાય છે. હોળી અને ધુળેટીના પર્વની વાત તમારે સાંભળવી છે ને ?

હિરણ્યકશ્યપુ નામે રાજા હતો. એ ખૂબ જ અહંકારી. દુનિયામાં તેના જેવો શક્તિશાળી બીજો કોઈ નથી એમ એ માને. તેથી પોતાની પ્રજાને ભગવાનની નહીં પણ પોતાની પૂજા કરવાનું કહે. રાજ્યની પ્રજા તેનાથી ખૂબ ડરે.

તેનો દીકરો પ્રહલાદ ભગવાન નારાયણનો ભક્ત હતો. હિરણ્યકશ્યપુ તેને ભગવાનની ભક્તિ કરવામાં ખૂબ હેરાન કરે. પ્રહલાદને મારી નાખવા તેણે ખૂબ પ્રયત્નો કર્યા. એક પણ પ્રયત્ન સફળ ન થયો. પ્રહલાદની ફોઈ હોલિકા પાસે અગ્નિથી ન બળે તેવી શાલ હતી. હિરણ્યકશ્યપુએ હોલિકાને શાલ ઓઢાડી તેના ખોળામાં પ્રહલાદને બેસાડી અગ્નિમાં બાળી મૂકવાનો વિચાર કર્યો.

હોલિકા શાલ ઓઢી પ્રહલાદને ખોળામાં લઈને બેઠી. પ્રહલાદ નારાયણનું સ્મરણ કરી ફોઈના ખોળામાં બેઠા. ચારે બાજુ અગ્નિ સળગાવવામાં આવ્યો. પણ આ શું ? અચાનક પવન ફુંકાયો અને હોલિકાની શાલ ઊડી ગઈ. હોલિકા આગમાં ભસ્મ થઈ ગઈ અને પ્રહલાદ હસતા હસતા આગમાંથી બહાર આવી ગયા.

જોયું ને ? ભગવાને પોતાના ભક્તની કેવી રક્ષા કરી ? નગરજનો રાજી થઈ ગયાં. બધાંએ બીજા દિવસે એક બીજા ઉપર રંગ છાંટી ખુશી વ્યક્ત કરી. નગરજનોએ ખૂબ જ ગુલાલ ઉડાડ્યો. હોલિકા બળીને ભસ્મ થઈ ગઈ. તે દિવસને હોળી અને બીજા દિવસને ધુળેટી કહે છે.



હાલના સમયમાં હોળીનો ઉત્સવ ઊજવતી વેળાએ ઝાડ કાપી લાવી હોળી ઊજવવાને બદલે સાંઠીકરાં, જૂનો કચરો, છાણાં વગેરે બાળીને હોળી ઊજવવી. હોળીમાં નાળિયેર, ધાણી, ચણા, ખજૂર અને કાચી કેરીનો મૉર વગેરે હોમવામાં આવે છે.

આ ઋતુમાં કફ થાય છે તેને દૂર કરવા ધાણી, ચણા અને ખજૂર ખાવાથી તે દૂર થાય છે.

ધૂળેટી રમતી વખતે કેમિકલવાળા તથા ચામડી–આંખોને નુકસાન કરે તેવા રંગો, ગ્રીસ–ડામર વગેરેથી ધુળેટી રમવાના બદલે બને ત્યાં સુધી ગુલાલ, કેસૂડાં જેવી નિર્દોષ વસ્તુઓથી ધુળેટી ઉજવવી જોઈએ.



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ



સંતભગવંત પરમ પૂજ્ય સાહેબદાદા

બાલમિત્રો ! હોળી–ધુળેટીનો દિવસ આપણા માટે ખૂબ જ આનંદનો દિવસ છે. કહો જોઈએ ? હં..બરાબર છે. હોળીના દિવસે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો તથા ધુળેટીના દિવસે આપણા પ્રાણપ્યારા પૂજ્ય સાહેબદાદાનો પ્રાગટ્ય દિન છે.

ચાલો ત્યારે, આપણે સૌ ભેગાં મળી હોળી, ધુળેટી, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ તથા સંતભગવંત સાહેબદાદાનો પ્રાગટ્યદિન ઉજવીએ.




બાલમિત્રો ! આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાગટ્યદિન – ચૈત્ર સુદ નવમીએ આવે છે જેને ‘શ્રી હરિનવમી’ પણ કહે છે. આ અંક આપના હાથમાં હશે તેના લગભગ એક માસ પછી શ્રી હરિનવમી આવશે. ‘ઘનશ્યામ’, ‘હરિકૃષ્ણ’, ‘નીલકંઠવર્ણી’ વગેરે ભગવાન સ્વામિનારાયણનાં નામ. તેઓનું પ્રાગટ્ય ચૈત્ર સુદ નવમી, વિક્રમ સંવત ૧૮૩૭ (તારીખ : ૩જી એપ્રિલ, ૧૭૮૧)ના રોજ પિતા ધર્મદેવ અને માતા ભક્તિમાતાના ખોળે ઉત્તરપ્રદેશમાં અયોધ્યા પાસે છપૈયા ગામમાં રાત્રે દસ વાગ્યે થયો હતો. ભગવાનનો Happy Birthday એટલે કે જન્મદિવસને પ્રાગટ્યદિન કહેવાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ! એટલે કે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન આપણને લાડ લડાવવા તથા સુખિયા કરવા આપણી પૃથ્વી ઉપર અને એમાંય પાછા પુણ્યભૂમિ ભારતમાં પ્રગટ્યા; તે આપણા ઉપર માત્ર તેઓની કૃપા જ કહેવાય !

ભગવાન સ્વામિનારાયણે માણસમાં રહેલી દુષ્ટતા નાશ કરવાનો સાચો રસ્તો બતાવ્યો અને ગુણાતીત સંત દ્વારા પ્રગટ રહેવાનું વચન આપ્યું. આપણા માટે હાલ તેઓ સંતભગવંત સાહેબદાદા દ્વારા પ્રગટ છે.

આ દિવસે જ ભગવાન શ્રી રામ અયોધ્યામાં પિતાશ્રી દશરથ રાજા અને કૌશલ્યા માતાના ખોળે બપોરે ૧૨ વાગ્યે પ્રગટ્યા. એટલે આ દિવસને ‘રામનવમી’ પણ કહે છે. પ્રભુ શ્રી રામે રાવણ જેવા અસુરનો નાશ કર્યો.

ચાલો ત્યારે, આપણે ફરીથી મળીશું મે માસમાં અન્ય કોઈ તહેવારની વાત સાથે. આવજો !





# શબ્દ શોધ

બાળદોસ્તો !

નીચેના ચોકઠામાં છપૈયામાં બાળ ઘનશ્યામની સાથે જોડાયેલાં કેટલાંક પાત્રોનાં નામ છે. તમે શોધી શકશો ? તો પછી વાર શેની ? નામ શોધીને નામ ફરતે લાલ સ્કેચપેનથી ગોળ કરો.

નોંધ:- શબ્દ આડો ઊભો ત્રાંસો ગમે તે રીતે બની શકે છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્તિ | વ | ણિ | ખ | શ | પ્ર | હ | નુ | ખ | કા |
| ધ | ર્મ | દે | વ | વ | ત્ત | યા | નુ | ણિ | હે |
| ર્મ | ણિ | નુ | શ | મા | હ | ખ | ચં | મા | મા |
| ત્ત | કા | ચં | રા | શ | યા | કા | ણિ | ખ | ન |
| ચં | પ્ર | રા | મ | પ્ર | તા | પ | લિ | ક્તિ | પ્ર |
| સુ | હા | સિ | ની | હ | વ | ઘ | હ | દ | યા |
| વ | ચં | ખ | યા | ચં | દ | ન | દે | ભ | ત્ત |
| દે | મા | કા | શ | નુ | ર્મ | શ્ | ણિ | ક્તિ | મ |
| મા | ર્ચ | ખ | વ | મા | ક્તિ | યા | પ્ર | મા | નુ |
| પ્ર | યા | ર્મ | વે | ણી | રા | મ | કા | તા | ક્તિ |

નોંધ:- શબ્દ આડો ઊભો ત્રાંસો ગમે તે રીતે બની શકે છે.

જવાબ : ધર્મદેવ-ભક્તિમાતા-રામ પ્રતાપ-સુહાસિની-વશરામ-ચંદન-વેણીરામ-ઘનશ્યામ-હનુમાન-કાલિદત્ત



# ગમ્મત ગુલાલ

મનિયો : 'ડૉક્ટર સાહેબ ! મારા પપ્પાના કાનમાં દુ:ખાવો થઈરહ્યો છે. એમને લાગે છે કે, જાણે એમના કાનમાં ગાજર ઊગી રહ્યા છે. '

ડૉક્ટર : 'ઓહ ! તો તો એમને ઘણી બેચેની થતી હશે, નહિ ?'



મનિયો : 'તે થાય જ ને ! એ બૂમો પાડી રહ્યા છે કે, મેં તો કાનમાં મૂળા વાવ્યા હતા ને ગાજર ઊગ્યાં.'

******

રસ્તા પરથી પસાર થતા મનિયા પાસે એક ભિખારીએ ભીખ માગી.

મનિયાએ કહ્યું : 'ભાઈ ! અત્યારે હું ઉતાવળમાં છું. આ રસ્તે પાછા ફરતાં હું તને જરૂર કંઈક આપીશ.'

ભિખારીએ કહ્યું : 'નહીં, નહીં, જે આપવું હોય તે હમણાં જ આપી દે, આ રીતે ઉધાર રાખીને લોકોએ મને બહુવાર છેતર્યો છે !'

******


- સંકલન : પૂ. સુનિલ ગાંધી, વિદ્યાનગર

## ભગવાન સ્વામિનારાયણનું પ્રગટીકરણ વહાવનાર દિવ્ય સ્વરૂપો...

# અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી

પ્રાગટ્ય તીર્થ : ભાદરા (ગુજરાત)
પ્રાગટ્ય તિથિ : શરદપૂર્ણિમા – ૨૮ સપ્ટેમ્બર ૧૮૪૧
માતુશ્રી : પૂજ્ય સાકરબા પિતાશ્રી : પૂજ્ય ભોળાનાથજી
: નામકરણ :
પૂજ્ય રામાનંદ સ્વામીએ કર્યું : મૂળજી શર્મા

યજ્ઞોપવીત ધારણ
૮ વર્ષની ઉંમરે



દીક્ષા તિથિ : પોષી પૂર્ણિમા
દીક્ષા સ્થાન : ડભાણ

"બ્રહ્મતેજ તો સાવ સુકાઈ રહ્યું છે, માટે ચાલી નીકળો..."
શ્રીજી મહારાજે આ આદેશ આપ્યો એટલે તરત જ
મૂળજી શર્માએ ગૃહત્યાગ કર્યો અને
શ્રીજી મહારાજ પાસે આવી દીક્ષિત થયા.




શ્રીજી મહારાજના પ્રથમ દર્શન :
પીપલાણામાં, શ્રી હરિના દીક્ષા પ્રસંગે

દીક્ષિત નામ : શ્રી નિર્ગુણાનંદ સ્વામી પરંતુ,
તેમની બ્રાહ્મી અવસ્થા અનુરૂપ 'શ્રી ગુણાતીતાનંદ સ્વામી'
એવું નામ શ્રીજી મહારાજ દ્વારા જ અપાયું.

'સ્વામીની વાતુ'
ગુણાતીતાનંદ સ્વામીના બ્રહ્મજ્ઞાનની
વાતોનો સંગ્રહિત ગ્રંથ


અખંડ કથાવાર્તા કરી બ્રહ્મજ્ઞાન વહાવ્યું.
શ્રીજી મહારાજની સર્વોપરિતા પ્રસરાવી અસંખ્ય મુક્તોને
ગુણાતીતભાવ પમાડ્યો.



સ્વધામ ગમન
અક્ષર દેરી – ગોંડલ

વૃદ્ધાવસ્થાના વાયદે ના રહેવાય. માટે બાળપણથી જ હરિ ભજવા.
– ગુણાતીતાનંદ સ્વામી

શ્રીજી મહારાજની આજ્ઞાથી જૂનાગઢ મંદિરના નિર્માણની સેવા કરી.
શ્રીજી મહારાજે જૂનાગઢ મંદિરના મહંત બનાવ્યા. ૪૦ વર્ષ, ૪ માસ, ૪ દિવસ મહંત રહ્યા.




અંતિમ કોલ : 'હવે સત્સંગમાં ફરીશું ને મહુવે જઈને રહીશું.'
એમ જણાવી ભગતજી મહારાજ થકી પોતે પ્રગટ રહેશે તેવો સંકેત આપ્યો.



- સંકલન : પૂ. ધનંજયભાઈ પટેલ, મોગરી



















Regd. News Paper / Air Mail / Book Post
Anoopam Tarla Monthly R.N.I.New Delhi No.: 2019035472 *
* Date of Publication : 1st Day of each BiMonth
* Date of Posting : 5th day of each BiMonth* Posted at: Nadiad Post Office
Date of Dispatch : 5-3-2020 * Office of Origin : Nadiad
Editor : Sunilkumar D. Pandya * Published by : Sunilkumar D. Pandya
on behalf of Anoopam Mission.*
Published at : Nadiad 387 001, Gujarat Printed by : Dhananjaybhai H. Shah
* Printed at : Krishna Offset Printers, Nadiad - 387 002

Air Mail / Book Post

To,

If Undelivered Please return to :
**Sharda Mandir Day School, B/h.Madhavbaug, Dakor Road,**
Nadiad - 387 001 Gujarat, India
Phone : (0268) 2561061 / 2561063
email : amindia@anoopam.org * website: www.anoopam.org
Mandir Mahotsav Year, 2020 - Free subscription
Followed by annual subscription of Rs. 50/-